# મોડાસામાં બે દુકાનોના વેન્ટીલેશનની જાળી તોડી ધાડ પાડી

મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચોરી, લુંટફાટ, અછોડા તોડવાના બનાવોમાં એકાએક વધારો થયો છે. તસ્કર ગેંગના સભ્યો થોડા દિવસના અંતરે મોડા શહેરના રહેણાંક વિસ્તાર અને દુકાનોમાં ચોરીને અંજામ આપી રહ્યા છે. થોડા દિવસ પહેલા મોડાસા લીયો પોલિસ ચોકીની પાછળ બે દુકાનોમાં થયેલી ચોરી અને મેઘરજ રોડ પરના રહેણાંક વિસ્તારમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલવા પોલિસ વિભાગ મથામણ કરી રહ્યો છે ત્યારે બુધવારે રાત્રે બે દુકાનોમાં થયેલી ચોરીની ઘટનાથી લોકો પોલિસની કામગીરી અંગે પ્રશ્નાર્થ કરી રહ્યા છે.

મોડાસા શહેરના માલપુર રોડ પર સંસ્કૃત પાઠશાળાની કોમ્પ્લેક્ષના મુખ્યમાર્ગ પર આવેલી બે દુકાનોમાં વાહનોની અવરજવરથી ધમધમતા અને પોલિસ બંગ્લોઝની સામે ઝરમર વરસાદી માહોલમાં દુકાનોની વેન્ટીલેશનની જાળી તોડીને ચોરીને અંજામ આપવામાં આવતા દુકાનમાલિકો અવાક બની ગયા છે. જેમાં સુરામી ઈલેકટ્રોનિકસ નામની દુકાનમાંથી ૫૦૦૦ રૂપિયા રોકડા અને ૨-રીસીવર અને ૨ નંગ ડીશ કેમેરા સહિતના મુદ્દામાલની ચોરી કરી હતી જયારે આ જ દુકાનની બે દુકાનોને બક્ષી બાજુમાં આવેલી ગીતા સેનેટરી દુકાનમાંથી પાંચ હજાર રૂપિયાની સિલક ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

દુકાનમાલિકના જણાવ્યા અનુસાર આ ચોરીમાં ટાબરીયા ગેંગનો સભ્યોનો ઉપયોગ થયો હોય તેવું જણાઈ રહ્યું છે. તેમજ સંસ્કૃત પાઠશાળા અને માલપુર રોડ, મેઘરજ રોડ ઉપર તંબુ બાંધીને પડી રહેતા લોકોની તપાસ થવી જોઈએ. મોડાસામાં વારંવાર ચોરીના બનાવના પગલે અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ સઘન બનાવે તે જરુરી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)





# ધનસુરામાં પોતાના બાળ માલિકનો જીવ બચાવવા શ્વાને પોતાનો જીવ હોમ્યો


## સવારના ધુમ્મસભર્યા વાતાવરણમાં વીજ કરંટ લિકેજવાળી ડિપીથી માલિકને બચાવવા કૂતરો આગળ આવી જતા મોતને ભેટ્યો

ધનસુરા, તા. ૨૩

ધનસુરામાં તા. ૨૨મી જાન્યુઆરીના રોજ વહેલી પરોઢે ધુમ્મસભર્યા વાતાવરણમાં એક પાલતુ કૂતરાં દ્વારા તેના બાળમાલિકનો જીવ બચાવવા પોતાનું જીવન હોમી દેવાની આશ્ચર્યજનક ઘટના બનવા પામી હતી. આ ઘટનામાં સવારના પ્હોરમાં કરિયાણું લેવા પોતાના શ્વાન સાથે નિકળેલ આ બાળકને વીજ ડીપીમાંથી લિકેજ થતા કરંટથી બચાવવા કૂતરાંએ પોતાને ડીપીના હવાલે કરી દીધો હતો.

શ્વાન એ વફાદારીનું પ્રતિક ગણાય છે અને આ ઉક્તિને યથાર્થ ઠેરવતી આ ઘટના ધનસુરામાં લોકોની નજર સામે બની હતી. શ્રમજીવી પિતાએ વહેલી સવારે કરિયાણું લેવા મોકલેલા બાળક સાથે તેનો શ્વાન હતો અને ધુમ્મસભર્યા વાતાવરણમાં અચાનક ગ્રામ પંચાયતભવન નજીકથી પસાર થતા આ બાળકને તેના કૂતરાએ સતત ભસવા લાગીને આગળ જતા અટકાવવા પ્રયત્ન કર્યો હતો. ભયનો સંકેત પામી ગયેલા આ બાળક તેનું વર્તન સમજી ન શક્યો અને આગળ વધવા લાગ્યો ત્યારે આ કૂતરાએ તેની આગળ આવી નજીકમાં રહેલી વીજ ડીપીમાંથી લિકેજ થઈ ગયેલા કરંટથી માલિકને બચાવવા પ્રયત્ન કર્યો હતો. તેના આ પ્રયત્નમાં કૂતરો વીજ કરંટમાં ખેંચાઈ ગયો હતો અને પોતાના બાળ માલિકની નજર સામે મોતને ભેટ્યો હતો.

આ બનાવને નજરે જોનારા લોકો પણ અવાચક બની ગયા હતા. જ્યારે કૂતરાનો માલિક બાળક ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો હતો. આ ઘટનાને કારણે લોકોમાં વિદ્યુત બોર્ડ સત્તાવાળાઓ તરફ રોષની લાગણી ફેલાવા પામી હતી. અને અન્ય કોઈનો લાડકવાયો આ વીજ કરંટનો ભોગ બને તે પહેલા તેને રીપેર કરવાની માંગ ઉઠવા પામી હતી. જો સત્વરે આ ખતરનાક ડીપીને નહી હટાવાય તો સત્યાગ્રહ કરવાની ગ્રામપંચાયતમાં રજૂઆત ગ્રામજનોએ કરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર પોલીસ ચોકી ખુલ્લી મુકવામાં આવી

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા ખાતે અંબિકા માતાજી મંદિર ખાતે જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ દ્વારા પોલીસ ચોકી ખુલ્લી મુકવામાં આવી હતી.

ખેડબ્રહ્મા અંબિકા માતાજી કંપાઉન્ડમાં શુક્રવારના રોજ જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ દ્વારા રીબીન કાપી પોલીસ ચોકીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ પ્રમુખ જયદિપસિંહ પ્રાંત ઓફીસર પી.એસ. પ્રજાપતિ, પી.એસ.આઈ. જી.કે. ઈસરાણી, એચ.એન. મોદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ જિલ્લા પોલીસ વડાએ પોલીસ સ્ટેશન ખાતે ૩૦૦ વૃક્ષો વાવી નવીન બનાવેલ બગીચો અને પોલીસ સ્ટાફ માટે લાયબ્રેરીનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે પી.એસ.આઈ. જી.કે. ઈસરાણીએ એક આંગણવાડીને દત્તક લીધી હતી.

# અરવલ્લી જીલ્લામાં ૬૬મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાશે

## ૨૬મી જાન્યુઆરીની સાંજે ટાઉનહોલ ખાતે સર્વધર્મ સમભાવના ભાગરૂપે કવ્વાલીનુ આયોજન

(સમીર બલોચ) મોડાસા, તા.૨૩

સમગ્ર ભારત માં ૨૬ મી જાન્યુઆરી ને પ્રજાસ્તાક દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે આ દિવસે સમગ્ર ભારત દેશ ભકતિના રંગો માં રંગાઈ જાય છે અને સમગ્ર ભારત માં દેશભકિત નો માહોલ જોવા મળે છે.

ત્યારે સાબરકાંઠા માં થી વિભાજન થઈ નવા અરવલ્લી જિલ્લા ની રચના થયે આજે દોઢેક વર્ષ જેટલો સમય થઈ ગયો છે ત્યારે અરવલ્લી જિલ્લા ના કલેકટર ધ્વારા આ પ્રજાસત્તાક પર્વ ને સતત ત્રણ દિવસ સુધી કોઈ ઉત્સવ ઉજવતા હોઈ એ તે રીતે ઉજવણી કરવાનુ નકકી કરવામાં આવ્યુ છે.

આ વખતે અરવલ્લી જિલ્લા નો જિલ્લા કક્ષાનો ધ્વજવંદન નો કાર્યક્રમ ભીલોડા ખાતે યોજાનાર છે ત્યારે આ દિવસે વિવિધ સાંસ્કુતિક કાર્યક્રમો નુ પણ ઓયજન કરવામાં આવ્યુ છે તેમજ પોલીસ ધ્વારા પરેડ પણ યોજવામાં આવશે તેમજ તે દિવસે અરવલ્લી જિલ્લા કલેકટર ધ્વાર અરવલ્લી જીલ્લા માં એક નવો ચીલો પાડવા જઈ રહયા છે સમગ્ર અરવલ્લી જિલ્લા માં જે વ્યકતી એ નોધપાત્ર યોગદાન કર્યુ હોય જેવી રીતે કે સાહીત્ય સંગીત કેળવણી સામાજીક અને તબીબ ક્ષેત્રે આ ક્ષેત્રો માં થી કોઈ એક વ્યકતી પસંદ કરી તેનુ સન્માન કરવાનુ નકકી કરવામાં આવ્યુ છે અને તે વકતી ને અરવલ્લી રત્ન કે અરવલ્લી શિરોમણી નામ નુ બીરૂદ આપવાનુ નકકી કરાયુ છે જયારે તે દિવસે સાંજે મોડાસા ટાનહોલ ખાતે સુર મિલન નામનો એક સાંસ્કૃતીક કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવેલ છે આ કાર્યક્રમ માં જયપરુ થી ખાસ ઉસ્તાદ અહમદ હુસેન અને ઉસ્તાદ મહંમદ હુસેન સંગીત ની રસલ્હાણ પીરશસે તેજ આ પર્વ ની જવણી પહેલા સ્કુલ કોલેજો માં સંગીત કાર્યક્રમ ની સ્પર્ધા ઓ ત્શ્રણ વિભાગ માં યોજવા માં આવેલી છે જે ત્રણે સ્પર્ધા માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓ ને આ ઉસ્તાદ ની સાથે સ્ટેજ ઉપર ગાવાનો મોકો મળશે તેવુ અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી બી.જે.ભટ્ટ ધ્વારા એ પત્રકાર પરિષદ માં જણાવવા માં આવ્યુ હતુ.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ની નવીન જીલ્લા પંચાયતમાં શુક્રવારે સાંજે જીલ્લાનું ગ્રીન મીની ડેટા સેન્ટર નું ખાત મૂહર્ત જીલ્લા પંચાયતના -મુખ-શાંતાબેન પટેલ અને જીલ્લા વિકાસ અધિકારી એમ.નાગરાજનએ કર્યુ હતુ.આ -સગે જીલ્લા પંચાયતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્રાહક હિત સુરક્ષા મંડળ-પ્રાંતિજને બી.આઈ.એસ.ની માન્યતા મળી

## ભારતીય માનક બ્યુરોની માન્યતા મેળવતું ગુજરાતનું પ્રથમ મંડળ

પ્રાંતિજ, તા.૨૩

ભારતીય માનક બ્યુરોની સ્થાપના બી.આઈ.એસ. અધિનિયમ ૧૯૮૬ મુજબ કરવામાં આવી હતી જે આપણા દેશની એક માત્ર રાષ્ટ્રીય માનક સંસ્થા છે જે ભારત સરકાર નવી દિલ્હીના ગ્રાહક બાબતોના મંત્રાલય હેઠળ કામ કરી રહેલી છે.

તેની મુખ્ય કામગીરી વિવિધ ઉત્પાદનોને માનક મુજબ પ્રમાણિત કરવા અને ઉત્પાદનો ઉપર આઈએસઆઈ માર્ક લગાવવો, સોના અને ચાંદીના ઘરેણાનું હોલમાર્કીંગ પ્રમાણન કરવું અને નમૂનાઓનું પરીક્ષણ કરવું, વિવિધ ગુણવત્તાના પ્રમાણનો કરવા જેમ કે આઈએસ, આઈએસઓ-૯૦૦૧, ૧૪૦૦૧, ૧૮૦૦૧, ૨૨૦૦૧, ૨૬૦૦૧, પર્યાવરણ સંચાલન વગેરે ગુણવત્તા પ્રમાણન કરવું જેમાં વિવિધ સંસ્થાઓ, કચેરીઓનું પ્રમાણન આપવું તે છે.

ઉપરાંત બી.આઈ.એસ. દ્વારા ગ્રાહક જાગૃતિના વિવિધ કાર્યક્રમો પણ કરવામાં આવે છે. જેમાં ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ દ્વારા સને ૨૦૦૬થી જોડાઈને સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા અને પાટણ જિલ્લાના ૧૨ તાલુકાઓના ૪૧ ગામોમાં ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો કરીને ૬૦૩૨ ગ્રાહકોને જાગૃત કરવામાં આવેલ છે.

આમ મંડળ દ્વારા આવી વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરવા બદલ ભારતીય માનક બ્યુરો દ્વારા માન્યતા આપવામાં આવેલ હતી.

ગુજરાત રાજયમાં ભારતીય માનક બ્યુરોની બે શાખાઓ અમદાવાદ અને રાજકોટ ખાતે કાર્યરત છે મંડળને માન્યતા મળતા ભારતીય માનક બ્યુરો, અમદાવાદ ગુજરાતના વૈજ્ઞાનિક એફ અને હેડ તથા ચીફ ડાયરેકટર, ડૉ. એસ.એલ. પાલકર અને આસિસ્ટંટ ડાયરેકટર, એલ.એસ. ચૌહાણ તેમજ અન્ય અધિકારીઓએ મંડળના પ્રમુખ, નટુભાઈ બારોટને અભિનંદન પાઠવેલ હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



પ્રાંતિજના તપોધન ફળીયાની આંગણવાડી ખાતે શહેરની સગર્ભા મહિલાઓ અને ધાત્રીમાતાઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપી સન્માનિત કરવામાં આવી હતી અને ભુલકાઓને રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજના તપોધન ફળીયા ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રમાં છ આંગણવાડીઓનો સમુહ વાત્સલ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જબુચોરા, ભોઈવાસ, બાળકોટ દેવીપુજકવાસ, કુંભારવાસ વગેરે વિસ્તારની મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં છ સગર્ભા મહિલાઓને શ્રીફળ અને સાંકર આપી સન્માનિત કરવામાં આવી હતી જ્યારે ધાત્રીમાતાઓને પણ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ૧૦૦ જેટલા આંગણવાડીના ભુલકાઓને રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંગણવાડી જમીનના દાતાઓ તેમજ કોર્પોરેટર મુકેશભાઈ, પ્રહલાદભાઈ શંભુભાઈ સોનલબેન તથા લક્ષ્મીબેન, જીજ્ઞાબેન વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિએ રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય જનતા યવા મોરચો ગાંધીનગર મહાનગર દ્વારા નેતાજી શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૫ શુક્રવારના રોજ સેક્ટર-૨૧ શ્રી રણછોડરાય ટ્રેડર્સ, પ્લોટ નં. ૯૦૮ તથા તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૫ મંગળવારના રોજ સેક્ટર-૨૪, શ્રી વિવેકાનંદ પ્રાથમિક શાળા ખાતે એમ કુલ બે રક્તદાન કેમ્પનું આયોજન યુવામોરચાના અધ્યક્ષશ્રી પદ્મસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં અનુક્રમે ૬૪ અને ૫૫ એમ મળી કુલ ૧૨૯ રક્તની બોટલોનું દાન સિવિલ હોસ્પિટલ ગાંધીનગરની બ્લડ બેન્કમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર ભાજપા અધ્યક્ષ નીતિન પટેલ, ધારાસભ્ય, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશિષ દવે, પ્રદેશ યુવા મોરચાના કોષાધ્યક્ષ તેમજ ગાંધીનગર મહાનગર યુવા મોરચાના પ્રભારી ડૉ. ઋત્વિજ પટેલ, ગાંધીનગર ભાજપાના ત્રણે મહામંત્રી મહેશસિંહ રાઓલ, મુકેશભાઈ જાની, કનુભાઈ દેસાઈ તથા કોર્પોરેટર્સ, યુવા મોરચા લખવારા તથા સેલ કન્વીનર અર્પિત પટેલ, જયપાલસિંહ, રાજેન્દ્રસિંહ કાઠીયા, નીરવ પટેલ તથા યુવામોરચાના અન્ય હોદેદારો યવરાજસિંહ ચાવડા, બિમલ બ્રહ્મક્ષત્રિય, મનીષ સંઘાણી, તેજસ



પ્રદેશ કારોબારી સભ્ય જનક ઠક્કર, વિવેકાનંદ પ્રાથમિક શાળાના ટ્રસ્ટી સંજીવ મહેતા, વોર્ડ નં.૫ ના પ્રમુખ કેતન જોષી, કિસાન મોરચા અધ્યક્ષ વિપુલ પટેલ તથા યુવા મોરચાના મહામંત્રી ધવલ દવે, મયુર પટેલ, યુવામોરચાના મંત્રીઓ જીતેન્દ્રસિંહ ઝાલા, ભરત ઠક્કર, કૈલાશબેન ધારાણી, આશિષ જોષી, ધ્રુવિલ પટેલ તથા મોટી સંખ્યામાં કાર્યકરોએ આ કાર્યક્રમોમાં ભાગ લઈ કાર્યક્રમને ખુબ જ સફળતા અપાવી હતી. આ રક્તદાન શિબિરમાં પ્રત્યેક રક્તદાતાઓને સ્વામી વિવેકાનંદજીનું પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

# શબ્દાવલી - ૫૬૨૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | | ૪ |
| ■ | | ■ | ■ | ૫ | | ■ | |
| ૬ | | ૭ | | ■ | ૮ | ૯ | |
| | ■ | | ■ | ૧૦ | | | ■ |
| | ■ | ૧૧ | | | ■ | ■ | ■ |
| ■ | ૧૨ | | ■ | ■ | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ૨૦ | | | | |

### આડી ચાવી

૧. લોકવાયદા, અફવા (૪)
૩. આશરો (૩)
૫. પાણી, જળ (૨)
૬. યોગ્ય, બરાબર, ઠીક (૪)
૮. ક્રમ પ્રમાણે (૩)
૧૦. અભિમાન (૩)
૧૧. પ્રવાહ (૩)
૧૨. જૂનું નહિ પણ... (૨)
૧૩. સુમેળ, ... ત્યાં જંપ (૨)
૧૫. મીયા, બીબી રાજી તો કયાં કરેલા... (૨)
૧૬. સળંગ, સતત (૫)
૧૯. કાવ્યની રચના કરનાર (૨)
૨૦. ભાંજગડ (૫)

### ઊભી ચાવી

૨. આરતી, દર્શન (૩)
૩. મંદિરની ચારેબાજુ થતી પ્રદક્ષિણા (૪)
૪. કંઠ સૂર (૩)
૬. ચાણક્ય નીતિવાળુ, કપટી (૩)
૭. જવું, જેમ આપવા માટે પધારવું તેમ જવા માટે... (૪)
૯. એક રાશી, માછળી (૨)
૧૦. લક્ષણ, માર્ક્સ (૨)
૧૨. તુચ્છ, જરા જેવી (૩)
૧૩. સાથ (૩)
૧૪. પડદો, નેત્ર.... (૩)
૧૫. કાગડો (૨)
૧૬. મોકો, તક (૨)
૧૭. ગેડ, સળ (૨)
૧૮. 'મલ' શબ્દ ઊંધો (૨)

### શબ્દાવલી ૫૬૨૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) રાજગરો (૫) એકાંત (૮) મગજમારી (૧૦) જીપ (૧૧) માચડો (૧૨) પણે (૧૩) અદ્દા (૧૫) વગુ (૧૬) કચ્ચરઘાણ (૧૯) ડોલ્ફીન (૨૧) જાર (૨૨) ભમરો (૨૫) એકતારો (૨૬) મોકાણ

**ઊભી ચાવી :-** (૧) રામણદીવડો (૨) જગ (૩) ગજ (૪) રોમા માણેક (૬) કાંજી (૭) તપ (૯) રીચ (૧૩) અધાર (૧૪) દાણ (૧૬) ગુલ્ફી (૧૮) રજા (૨૦) નભતા (૨૩) મરો (૨૪) તાણ

# પ્રાંતિજના ઘડી ખાતે તાલુકા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ યોજાશે

ઇપ્રાંતિજ, તા.૨૩

પ્રાંતિજ તાલુકાના ઘડી મુકામે સ્થિત એમ.બી. દેસાઇ શાળામાં તાલુકા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ યોજાશે. તાલુકાના ઘડી મુકામે યોજાનાર પ્રજાસત્તાક પર્વ સમારોહમાં પ્રાંત અધિકારી એચ.આર. મોદીના હસ્તે યોજાશે. કાર્યક્રમમાં તાલુકાના તમામ પદાધિકારી અને અધિકારી ઉપસ્થિત રહેશે. આ પર્વે ઘડી ગ્રામ પંચાયતની વેબસાઇટ પણ લોંચ કરવામાં આવશે. જેની સફળતા માટે સરપંચ પ્રમેશભા તથા તાલુકાના સભ્યો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

## ત્યજી દેવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસપાસના શાકભાજીના વેપારીઓ કુતુહલવશ ત્યાં દોડી ગયા હતાં. તપાસ કરી તો કોઈએ કોથળામાં તાજુ જન્મેલું બાળક લપેટીને ફેંકી દીધેલું જોવા મળ્યું હતું. કોઈએ માત્ર એક દિવસ પહેલા તાજી જ જન્મેલી ફુલ સમી બાળકીને કોથળામાં લપેટીને ગંદકીમાં ત્યજી દીધું હોવાની ઘટના અંગે સે-૨૧ પોલીસને જાણ કરવામાં આવી અને બીજી તરફ તાત્કાલીક બાળકીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જઈને ત્યાં દાખલ કરવામાં આવી હતી. સે-૨૧ પોલીસ મથકના જમાદાર વસંતકુમારે શાકભાજીના વેપારી ગોકુલપુરા ખાતે રહેતા શારદાબેન પટણીની ફરીયાદને આધારે કુકર્મ છુપાવવા તાજુ જન્મેલુ બાળક ત્યજી દેવા બદલ અજાણી માતા સામે ગુનો દાખલ કરી તેણીની શોખખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સિલિંગ અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે તંત્રએ આકરાં પગલાં લેવાનો નિર્ણય કર્યો છે.

તંત્રએ મિલ્કતવેરો નહી ભરનારાઓ પાસેથી વેરા ઉપરાંત વેરાની રકમ પર ૧૮ ટકા સુધી વ્યાજ વસુલવાનો નિર્ણય કર્યો છે. મિલ્કતવેરાની નોટીસો માટેનો ચાર્જ માફ કરવા માટે અગાઉ જાહેરાતો કરાઈ હતી પરંતુ કોઈ જ પ્રતિસાદ ન મળતાં તંત્ર હવે પગલાં ભરવા મજબૂર બન્યું છે.

## વસંત પંચમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસે દેવી સરસ્વતીનો જન્મ થયો હોવાનુ માનવામાં આવે છે. આથી જ દેશના ઘણા મંદિરો, શાળા-કોલેજોમાં વસંતપંચમી - જ્ઞાન પંચમીની ઉજવણી કરવામાં આવે છે. કવિ કાલિદાસને આ દિવસે સરસ્વતી નદીમાં ડુબકી લગાવવાથી જ્ઞાન પ્રાપ્ત થયુ હતુ. અને તેઓ મહાન કવિ કાલિદાસ બન્યા હતા તેવુ પણ માનવામાં આવે છે.

જ્ઞાન સાથે આ દિવસ જોડાયેલો હોવાથી નાના બાળકોને અક્ષરજ્ઞાન આપવાની શરૂઆત આ દિવસથી કરવામાં આવે છે. દેશની ઘણી શૈક્ષણિક સંસ્થાઓમાં નાના બાળકોને આ દિવસે પ્રથમ વખત શિક્ષણ સંસ્કાર આપવામાં આવે છે. નવી શાળાઓ અને તાલીમ સંસ્થાઓના ઉદ્ઘાટન માટે આજનો દિવસ સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવે છે. બાળકોને આ દિવસે મીઠાઈઓ અને પુસ્તકનું વિતરણ-દાન કરવામાં આવે છે.

વસંતપંચમી બાદ ધીમે ધીમે વાતાવરણમાં બદલાવ આવવા લાગે છે. વસંતનુ આગમન હવામાં અનુભવાય છે. આ દિવસ બાદ ધીમે ધીમે ઠંડીમાં પણ ઘટાડો થશે.

GUJARAT POWER CORPORATION LTD.

Block Nos. 6 & 8, Sixth Floor,
Gandhinagar - 382011, Gujarat
Phone No. : +91-79-23251255-60
Date : 16-1-2015

**Short Notice**
Bids for Empanelment of Exhibitors

Technical Bids and price proposal are invited for empanelment and selection of Exhibitors for various upcoming events of Gujarat Power Corporation Limited **(GPCL)** in the year 2015-16, Interested party may obtain tender document from GPCL on or before 30th January 2015 from above address.

INF/2272/2014-15 **General Manager, GPCL**